પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૧ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૯, બુધવાર; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

## ઉમરપાડામાં ૧૬ ઈંચ વરસાદ



**ભારે વરસાદથી ઉમરપાડાના અનેક પંથકો-ગામડા બેટમાં ફેરવાયા : કેટલાક ગામો સંપર્ક વિહાણાં બન્યા : ગણદેવી, નવસારી, ડેડિયાપાડામાં ભારે વરસાદ**

અમદાવાદ,તા. ૧૦
ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનો દોર જારી રહ્યો છે જેના કારણએ નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોની હાલત કફોડી બની ગઈ છે. લોકોના ઘરમાં પણ પાણી ઘુસી ગયા છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છમાં મોનસુન જોરદારરીતે સક્રિય રહેલું છે. દક્ષિણ ગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. તમામ વિસ્તારોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. જનજીવન પણ સંપૂર્ણપણે ઠપ થયું છે. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સુરત જિલ્લાના ઉમરપાડામાં આભ ફાટયુ હોય તેટલો ૧૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો, જેને પગલે સમગ્ર ઉમરપાડા પાણીમાં ગરકાવ બન્યું હતું. અનેક પંથકો અને ગામડાઓ પાણીના બેટમાં ફેરવાઇ ગયા હતા. તો, કેટલાય ગામો સંપર્કવિહોણાં બન્યા હતા. ગોડસબા અને અંબાપારડી ગામમાં પાણી ફરી વળતાં ૨૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, વાપી, ડાંગ-આહવા, સોનગઢ, ધરમપુર, ખેરગામ સહિતના અનેક પંથકોમાં ચારથી છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જેના કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળતી હતી. સુરતના માંડવીમાં નવ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ નોંધાયો હતો. જેના કારણે, કીમ-માંડવી સ્ટેટ હાઈવે પર પાણી ફરી વળતા બંધ કરવામાં આવ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકથી જાણે આભ ફાટયુ હોય એમ ઉમરપાડામાં ૧૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો, જેના કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. જ્યારે સુરત જિલ્લાના માંડવીમાં નવ ઈંચ, બારડોલીમાં છ અને માંડવીમાં પાંચ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય, દક્ષિણ ગુજરાતના ધરમપુર, આહવા , વઘઈ, વલસાડ, ખેરગામ અને સોનગઢમાં ચારથી છ ઈંચ વરસાદ ખાબક્યો હતો. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં વરસાદના પગલે ઠેર-ઠેર જળબંબાકાની સ્થિતિ જોવા મળી રહી છે. ઉમરપાડામાં ૧૬ ઈંચથી વધુ ભારે વરસાદના પગલે નીચાણ વિસ્તાર સહિતના માર્ગો પર ઘૂંટણસમા અને કેડ સમા પાણી ભરાઈ ગયા હતા. તો કેટલાક વિસ્તારોમાં ગળાડૂબ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. જેના કારણે ઉમરપાડાના અનેક પંથકો પાણીમાં ગરકાવ બનવા સાથે જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા. દરમ્યાન વેલવી ગામે નદી પરનો પુલ તૂટી ગયો હતો., જેથી ૪૦ જેટલા ગામોને ભારે હાલાકીનો સામનો કરવોપ પડયો હતો. બારડોલીમાં છ ઈંચ વરસાદથી માર્ગો પર પાણી ભરાયા છે. મહુવા તાલુકાનાં કુંકોતર ગામે હાર્ડવૈદ ફળિયામાં ગણેશ મંડપમાં ભારે વરસાદથી ઘૂંટણ સુધીના પાણી ભરાઈ ગયા હતાં. જેને લઈ ગણેશભક્તોને હાલાકી વેઠવી પડી હતી.

### રાજકોટમાં છેલ્લા ૭૦ વર્ષનો રેકોર્ડ બ્રેક વરસાદ

રાજકોટ શહેરમાં ૭૦ વર્ષનો રેકોર્ડબ્રેક વરસાદ આ વર્ષે નોંધાયો છે. ચાલુ વર્ષે શહેરમાં સિઝનનો કુલ ૫૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જેમાં છેલ્લા ૭૦ વર્ષની વાત કરવામાં આવે તો ૭૦ વર્ષમાં સૌથી વધુ વરસાદ વર્ષ ૨૦૧૦ માં ૫૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. જે રેકોર્ડ આ વર્ષે તૂટી ગયો છે. રાજકોટ શહેરમાં સૌથી ઓછો વરસાદ વર્ષ ૧૯૭૩-૭૪માં માત્ર ૭ અને ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો.

# ધોધમાર વરસાદથી અમદાવાદ પાણી પાણી

**શહેરના વિવિધ વિસ્તારમાં પાંચ ઇંચથી વધુ વરસાદ પડ્યો : અમદાવાદના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૧૩૩.૫૦ મીમીથી પણ વધારે વરસાદ વાસણા બેરેજના પાંચ ગેટ ચાર ફુટ સુધી ખોલાયા : ૪૦થી વધુ વૃક્ષો ધરાશાયી**

અમદાવાદ, તા.૧૦
અમદાવાદ શહેરમાં આજે સવારથી ભારે વરસાદ શરૂ થયો હતો. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. જનજીવન પર પ્રતિકુળ અસર થઈ હતી. અમદાવાદ શહેરમાં પાંચ ઈંચકરતા પણ વધુ વરસાદ થતાં મોટાભાગના વિસ્તારો જળબંબાકાર બની ગયા હતા અને ચારેબાજુ પાણી પાણીની સ્થિતિ જોવા મળી હતી. દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૧૩૩.૫૦ મીમી સુધીનો વરસાદ ખાબકી ગયો હતો. પૂર્વ ઝોનમાં ૧૦૧.૬૬ મીમી જેટલો વરસાદ થયો હતો. જ્યારે દક્ષિણ ઝોનમાં સૌથી વધારે ૧૧૮.૭૫ મીમી જેટલો વરસાદ થયો હતો. અમદાવાદ શહેરમાં મોસમનો કુલ વરસાદ વધીને હવે ૭૨૮.૯૪ મીમી સુધી પહોંચી ગયો છે. એટલે કે ૨૮.૭૦ ઈંચ જેટલો વરસાદ થઈ ચુક્યો છે. ભારે વરસાદના લીધે શહેરના જુદા જુદા વિસ્તારમાં ૪૦થી વધુ જગ્યાઓએ ઝાડ પડવાની ઘટનાઓ બની હતી. કુલ ૩૨ ઝાડ દૂર કરીને રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા હતા. ૧૨ સ્થળોએ વરસાદી પાણી ભરાવવાની સમસ્યા સર્જાઈ હતી. મણિનગર વિસ્તારમાં દક્ષિણી અન્ડરપાસને બંધ કરવાની ફરજ પડી હતી. ભારે વરસાદની ચેતવણી હોવાથી નગરજનોને ભારે વરસાદ દરમિયાન કામગીરી સિવાય બહાર ન નિકળવા કહેવામાં આવ્યુ છે. શહેરના કેટલાક વિસ્તારમાં ચાર ઈંચ કરતા પણ વધારે વરસાદ ખાબકી ગયો હતો. જેમાં સરખેજમાં સૌથી વધુ પાંચેક ઈંચ વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને પૂર્વના જશોદાનગર, ઈસનપુર, ત્રિકમપુરા, હાથીજણ, નારોલ, વટવા, ઓઢવ, હાટકેશ્વર, રામોલ, વસ્ત્રાલ સહિતના અનેક વિસ્તારો તો જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા. તો, પશ્ચિમ અને નવા પશ્ચિમના વિસ્તારોમાં પણ ભારે પાણી ભરાઈ ગયા હતા.

### માંડવી-કીમ સ્ટેટ હાઈવે બંધ

સુરત જિલ્લાના માંડવી અને કીમને જોડતા સ્ટેટ હાઈવે પર વરસાદી પાણી ફરી વળતા તંત્ર દ્વારા હાઈવેને બંધ કરવાની ફરજ પડી હતી. માંડવી અને કિમ સ્ટેટ હાઈવે પર ઉમરપાડામાં રાત્રી દરમ્યાન ૧૩ ઈંચ વરસાદ વરસતા આમલી ડેમ માંથી ૧૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવતા ગોડસબા અને આંબાપારડી ગામમાં પાણી ફરી વળતા ગામના ૧૦૦થી વધુ લોકો ને વહીવટી તંત્ર દ્વારા સલામતી સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

## ન્યુઝ ટ્રેક

**ઉર્મિલા માંતોડકરે કોંગ્રેસ છોડી**

અભિનેત્રીથી નેતા બનેલ ઉર્મિલા માંતોડકરે કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ છે. મુંબઈ કોંગ્રેસ પર તેઓએ આક્ષેપ પણ લગાવ્યો છે. ઉર્મિલા માંતોડકરે નોર્થ મુંબઈની સીટ પરથી ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ પરંતુ તેઓએ હારી ગયા હતા.

**ઋષિકપૂર ભારત પરત આવ્યા**

કપૂર ખાનદાનના જાણીતા અભિનેતા ઋષિકપૂર ભારત પરત આવ્યા છે. છેલ્લા એક વર્ષથી તેઓ મુંબઈમાં કેન્સરીની સારવાર કરાવી રહ્યા હતા.

**રાજનાથસિંહ ફ્રાન્સ જશે**

રક્ષામંત્રી રાજનાથસિંહ ટૂંક સમયમાં ફ્રાન્સની યાત્રાએ જશે. તેઓ ભારતના પ્રથમ રાફેલ કોમ્બેટ એરક્રાફટની ડીલીવરી લેશે. જેનુ નિર્માણ ફ્રાંસની કંપની દસોલ્ટ એવિએશને કર્યુ છે.

**વિક્રમ સાથે સંપર્ક સ્થાપિત કરવાના પ્રયાસ યથાવત : ઇસરો**

અનિયોજીત રીતે ચંદ્રની સપાટી પર પહોંચેલા વિક્રમ લેન્ડરનો ઈસરો સાથે હજુ સુધી સંપર્ક થઈ શકયો નથી. ઈસરો એ આજે ટ્વીટ કરીને આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૨ના ઑર્બિટરે વિક્રમ લેન્ડરને શોધી તો નાંખ્યું, પરંતુ તેની સાથે સંપર્ક થઈ શકયો નથી. ઈસરોએ લખ્યું 'લેન્ડર સાથે સંપર્ક સ્થાપિત કરવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે.'

**વિજયાદશમીએ ભારતને મળશે પહેલુ રાફેલ**

ભારતીય વાયુસેનાના લડાકુ વિમાન રાફેલની ડિલિવરી હવે બે સપ્તાહ મોડી મળશે. પહેલા ભારતને રાફેલ વિમાનો મળવાની શરૂઆત ૨૦ સપ્ટેમ્બરથી થવાની હતી.તેની જગ્યાએ હવે આ વિમાન બનાવનાર ફ્રાન્સની કંપની રાફેલે બે સપ્તાહ મોડી એટલે કે ૮ ઓકટોબરે ભારતને વિમાન ડિલિવર કરવાની જાહેરાત છે.





ગાંધીનગર શહેરમાં ઈન્દ્રોડા નજીક નિર્માણ કરાયેલ સંત સરોવરની સપાટી આજે ૫૪.૫૦ મીટર પર પહોંચી હતી. સુજલામ સુફલામના આસ્કેપમાંથી પાણી આ સરોવર ભરવા માટે વહાવવામાં આવી રહ્યું છે. ૨૯મી ઓગષ્ટથી આ સરોવર ભરવાની કામગીરી ચાલુ છે. હવે તે ૧ મીટર છલોછલ ભરાઈ જવાથી દૂર છે. આ સરોવરની જળ સપાટી ૫૪.૫૦ મીટરે પહોંચતા અદ્‌ભુત નજારો સાબરમતી નદીનો ખીલ્યો છે તેની તસ્વીર.

# મહારાષ્ટ્રની ચૂંટણી સંદર્ભે સોનિયા ગાંધીની પવારની સાથે ચર્ચા

**બેઠકોની વહેંચણીના મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા : સ્થાનિક નેતાઓના સ્તર પર અનેક વખત લાંબી વાતચીત થઇ ચુકી છે**

નવીદિલ્હી,તા.૧૦
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે આજે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને લઈને જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વિધાનસભા ચૂંટણી માટે બેઠકોની વહેંચણીને લઈને ચર્ચા કરવામાં આવી હતી. પવારે સોનિયા ગાંધી સાથે તેમના આવાસ ઉપર બેઠક યોજી હતી. બંને નેતાઓ વચ્ચેની બેઠક એવા સમય પર થઈ છે જયારે બંને પક્ષોના રાજય એકમોના નેતાઓ વચ્ચે હાલના સપ્તાહમાં અનેક દોરની વાતચીત થઇ ચુકી છે. મોટાભાગની બેઠકોને લઈને સહમતિ થઇ ચુકી છે. એમ માનવામાં આવે છે કે, એનસીપીના પ્રમુખ શરદ પવારે સોનિયા ગાંધી સાથે વાતચીત દરમિયાન બેઠકોની વહેંચણીને અંતિમ રુપ આપવાના સંદર્ભમાં વાતચીત કરી હતી. કોંગ્રેસ સુત્રોના કહેવા મુજબ રાજયની મોટાભાગની સીટોને લઇને બંને પક્ષો વચ્ચે સહમતિ થઇ ચુકી છે પરંતુ સ્વાભિમાની પક્ષ જેવા કેટલાક નાના પક્ષોની સાથે તાલમેલને લઈને મડાગાંઠની સ્થિતિ પ્રવર્તી રહી છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા સીટો રહેલી છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ઓકટોબર અથવા નવેમ્બરમાં યોજાઈ શકે છે. ભાજપ અને શિવસેનાએ લોકસભા ચૂંટણી વેળા જ જાહેરાત કરી દીધી હતી કે, વિધાનસભા ચૂંટણી પણ બંને પક્ષો સાથે મળીને લડનાર છે.

# લશ્કરે તોઈબાના મોડ્યુલનો પર્દાફાશ

**૮ આતંકવાદી પકડાયા : ઝડપાયેલા તોઈબાના ત્રાસવાદીઓ પાસેથી વાંધાજનક સામગ્રી જપ્ત : ઝડપાયેલા ત્રાસવાદીઓની આકરી પુછપરછ શરૂ થઇ : લશ્કરે તોઇબા માટે કામ કરનાર લોકો અંગે બાતમી મળ્યા બાદ સેના-પોલીસનું સફળ ઓપરેશન**

શ્રીનગર,તા. ૧૦
જમ્મુ કાશ્મીરમાં આતંક મચાવવાના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવી દેવામાં આવતા મોટી ઘાત ટળી ગઈ છે. લશ્કરે તોઈબાના ખતરનાક મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ અન્યત્ર વિસ્તારમાં પણ આ પ્રકારના મોડ્યુલની શોધખોળ ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી બાદથી ત્રાસવાદીઓ અને કટ્ટરપંથીઓ ખતરનાક ઈરાદા પાર પાડવા પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સફળતા મળી રહી નથી. સુરક્ષા દળો દ્વારા વિવિધ કઠોર પગલાના લીધે ત્રાસવાદીઓને સફળતા મળી નથી. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં સેના અને પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા મોટા ઓપરેશનને સફળ રીતે પાર



પાડીને કુખ્યાત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના આઠ ત્રાસવાદીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. ત્રાસવાદી સંગઠન તોયબાના એક મોટા ત્રાસવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મોટી માત્રામાં હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. કાશ્મીરમાં એજન્સીઓને મળેલા ઈનપુટના આધાર પર કાર્યવાહી કરીને સેના અને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. બારામુલ્લા જિલ્લામાં લસ્કરે તોયબા સાથે જોડાયેલા આઠ કટ્ટરપંથી ત્રાસવાદીઓની ધરપકડ કરી લેવામા આવી છે. ધરપકડ કરવામાં આવેલા ત્રાસવાદીઓની કઠોર પુછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ બારામુલ્લા જિલ્લાના સોપોરે ખાતે એજન્સીઓએ કઠોર કાર્યવાહી હાથ ધરી હતી., લશ્કરે તોયબા માટે આઠ શખ્સો કામ કરી રહ્યા હોવાની બાતમી મળ્યા બાદ ગુપ્ત રીતે તપાસ કરવામાં આવી હતી. ઝડપાયેલા શખ્સો પાસેથી કેટલીક ચોંકાવનારી માહિતી સપાટી પર આવી શકે છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓ કોઈ પણ રીતે સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. યુવાનોને ઉશ્કેરવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. પકડી પાડવામાં આવેલા લોકો બારામુલ્લામાં દુકાનદારોને બજાર બંધ રાખવા માટે ધમકી આપી રહ્યા હતા. સાથે સાથે ધમકી ભરેલા પોસ્ટર જુદા જુદા વિસ્તારમાં લગાવવા માટેની કામગીરીમાં સામેલ હતા. ધરપકડ કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી કેટલાક વાધાંજનક દસ્તાવેજો પણ મળી આવ્યા છે. તેમની પુછપરછમાં અન્ય છુપાયેલા કટ્ટરપંથીઓન સંબંધમાં માહિતી મળી શકે છે. પોલીસ તપાસ કરી રહી છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં મોહર્રમ શાંતિપૂર્ણરીતે પસાર થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે. મોહર્રમ જુલુસને રોકવા માટે જુદી જુદી કલમો લાગૂ કરવામાં આવી હતી.

# કાશ્મીરી ખેડૂતો માટે સરકારનું ૮,૦૦૦ કરોડનું મિશન એપલ

ન્યુ દિલ્હી,તા.૧૦
જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરાયા બાદ કેન્દ્ર સરકાર અહીંના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે જાત જાતની સ્કીમો લાગુ કરવા માટે વિચારણા કરી રહી છે.

મળતા અહેવાલો પ્રમાણે કાશ્મીરમાં સફરજનની ખેતી કરનારા ખેડૂતોને ફાયદો કરવા માટે સરકાર સ્પેશ્યલ માર્કેટ ઈન્ટરવેન્શન પ્રાઈસ સ્કીમ લાગુ કરવા માંગે છે.આજે કેન્દ્ર સરકારના ચીફ સેક્રેટરી દ્વારા કાશ્મીરના વહિવટીતંત્રના ઉચ્ચાધિકારીઓ સાથે થયેલી બેઠકમાં આ વાતની ચર્ચા થઈ હતી.

આ સ્કીમનો સીધો લાભ ખેડૂતોને મળશે.પૈસા સીધા ખેડૂતોના ખાતામાં જમા થશે.કાશ્મીરના ખેડૂતોની આવકમાં ૨૦૦૦ કરોડનો વધારો થશે.શરુઆતમાં ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ થી લઈને માર્ચ ૨૦૨૦ સુધી સરકાર ખેડૂતો પાસથી સફરજન ખરીદશે.આ માટે ૮૦૦૦ કરોડનુ બજેટ ફાળવવામાં આવ્યુ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225